©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 22nd APRIL, 2026/VAISHAKHA 02, 1948 [Issue No. 20

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૦૦૪ થી ૧૦૫૮.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પુરૂં થવાના સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ સાંજના ૦૬-૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે તેમજ આ અંગે રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા પ્રવર્તમાન સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે ધ્યાને લેતા, ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી સબંધિત મતદાર વિભાગના મતદાર ન હોય તેવા રાજકીય પદાધિકારીઓ મત વિસ્તાર છોડી દેવાનો રહે છે.

જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે અને રાજય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર** સુરેન્દ્રનગરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ વાગ્યાથી નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્ય :

- ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન સુરેન્દ્રનગરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલ હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ વાગ્યા પછીથી તાત્કાલીક ધોરણે સુરેન્દ્રનગર જિલ્લામાં સમાવિષ્ટ ચૂંટણી હેઠળનો વિસ્તાર છોડી જતા રહેવું.
- આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં પોલીસ તંત્ર તથા જિલ્લા વહીવટી તંત્રએ યોગ્ય તકેદારી રાખવી.

આ હુકમ ભારતીય નાગરકિ સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૪-૦૪-૨૦૨૬ થી તા. ૨૬-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યક્તિગત બજવણી શક્ય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૦૫૯ થી ૧૧૧૩.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીઓ નિષ્પક્ષ, મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે માટે આદર્શ આચારસંહિતાની અમલવારી કરવા સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી વિસ્તૃત સુચનાઓ થઈ આવેલ છે. જે પૈકી સરકારી, અર્ધસરકારી, પંચાયતના વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગ પર નિયંત્રણો મુકવામાં આવેલ છે.

જેથી રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી આપવામાં આવેલ આચારસંહિતા બાબતની ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ હું **જી. એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર** સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૮-૦૪-૨૦૨૬ નીચે મુજબ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

૧. સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આવેલ સરકારી, અર્ધસરકારી આરામગૃહો, ડાકબંગલાઓ, વિશ્રામગૃહો તથા સરકારી રહેણાંકનો તેની સાથે જોડાયેલ આંગણ, કમ્પાઉન્ડ સહિત કોઈ રાજકીય પક્ષના હોદેદારો, ચૂંટણી લડતા ઉમેદવારો તેમના ચૂંટણી એજન્ટોએ રાજકીય હેતુસર કે ચૂંટણી વિષયક કે ચૂંટણી પ્રચાર-પ્રસારના હેતુસર ઉપયોગ કરવા પર.

૨. વિશ્રામગૃહ, અતિથિગૃહ, ડાકબંગલાના સ્થળે રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજવા પર.

૩. આવા આવાસના કમ્પાઉન્ડમાં રાજકીય ચૂંટણી હેતુ માટે ઉપયોગમાં લેવાના વાહનો પાર્કીંગ કરવા પર.

૪. ચૂંટણી પ્રચાર હેતુ માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂં થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવા પર પરંતુ જે રાજકીય પદાધિકારીઓને Z કક્ષાની કે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલ હોય તેમને વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે સિવાય કે આવો રૂમ ચૂંટણી ફરજ પર નિમાયેલ અધિકારી/નિરિક્ષકને અગાઉથી ફાળવવામાં આવેલ ન હોય પરંતુ આવી Z સ્કેલની સીકયુરીટી ધરાવતા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહે તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરવા પર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યક્તિગત બજવણી શક્ય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ મો) ની કલમ-૩૭(૧) (એફ) મુજબ

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૧૧૪ થી ૧૧૬૮.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી ચૂંટણીઓ મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીની પ્રક્રિયા મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારતના ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ થાય છે. અને તેનો ચુસ્તતા પૂર્વક અમલ કરાવવાનો થાય છે. આથી સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ, માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી કે સુરૂચિના ભંગ થાય તેવી શકયતા જણાય છે. રાજ્યના ચૂંટણી આયોગે પણ આ અંગે જરૂરી દિશા સુચનો જારી કરેલ કહે છે. આ પ્રવૃત્તિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીના પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું હું **જી. એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) થી મને મળેલ સત્તાની રૂએ, સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) કોઈ પણ ઉમેદવાર, સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ/કાર્યકરો/સમર્થકો કે હમદર્દીએ ખાનગી મકાનના લેખિત પૂર્વ મંજુરી વગર તેમજ જાહેર જગ્યાએ જમીન, મકાન, કંમ્પાઉન્ડની દિવાલોનો, વીજળીના થાંભલો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમિયાન પોસ્ટર ચોંટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચીતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોટાડવી, રોશની કરવી વિગેરે માટે ઉપયોગ કરવો નહી તેમજ પોતાના અનુગામીઓને આવી છુટ આપવી નહીં.

(૨) કોઈ ઉમેદવાર/સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે તેના અનુગામી/કાર્યકર સમર્થક કે હમદર્દ કોઈ પણ પ્રકારની જાહેર મિલકતનો તથા ખાનગી મિલકતનો ચૂંટણી પ્રચાર દરમિયાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહી.

જાહેર મિલકત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલવે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મિનલ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલી બનીને ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ના ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યક્તિગત બજવણી શક્ય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૧૬૯ થી ૧૨૨૩.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મથકો પર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો પર તથા તેની નજીકના વિસ્તારોમાં મતદાનના દિવસે અડચણ થતી અટકાવવા તથા જાહેર સુલેહ શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

સબબ, હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું તેમજ દિવ્યાંગ અને સીનીયર સીટીઝન વ્યકિતઓને પ્રાથમિકતા આપવાની રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના ક્રમાનુસાર એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

અમલની મુદત અને વિસ્તાર :

આ હુકમ તા. ૨૬-૦૪-૨૦૨૬ ના દિવસ માટે અમલમાં રહેશે તેમજ આ હુકમ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં લાગુ પડશે તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યક્તિગત બજવણી શક્ય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૨૨૪ થી ૧૨૭૮.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. આમુખ (૧) તથા (૨) થી આદર્શ આચારસંહિતાના અમલ અન્વયે વિવિધ સુચનાઓ આપવામાં આવેલ છે. સદરહું ચૂંટણી દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ મુકત અને નિર્ભય રીતે કરી શકે તે માટે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ અટકાવવા જરૂરી જણાતું હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આ હુકમના જાહેરાતના દિવસથી તા. ૨૬-૦૪-૨૦૨૬ સુધી સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારના લાયસન્સવાળા શસ્ત્રોની હેરાફેરી કરવાની રહેશે નહી તથા થાનગઢ નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોમાં રહેતા દરેક પરવાનાદારે તેઓના હથિયાર જે તે સંબંધિત પોલીસ સ્ટેશન અથવા શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૮ની જોગવાઈ મુજબ જે આર્મ્સ ડિલર નમુના-૮માં પરવાનો ધરાવતા હોય તેઓ પાસે જમા કરાવવાના રહેશે. આર્મ્સ ડીલર પરવાનેદાર દ્વારા હથિયાર જમા લેવામાં આવે તો તે અંગેની જાણ સબંધિત પોલીસ સ્ટેશનની કરવાની રહેશે. પરવાનેદારે હથિયારના કાર્ટિસ/દારૂગોળો જમા કરાવવાની જરૂરીયાત રહેશે નહી. જમા લીધેલ હથિયાર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી પરત કરવાના રહેશે અને તેના માટે કોઈ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

૨. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી, સંસ્થાઓ (બેન્ક કોર્પોરેશન સહિત) ના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તેમને તેમના પરવાના વાળા હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

૩. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શિયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતા હોય તેવા હથિયાર ધારી સિકયુરિટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડ તેઓ જે એજન્સી/એકમમાં ફરજ બજાવતા હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરિટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને આ આંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૪. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોશિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને આ પ્રતિબંધોમાંથી મુકિ આપવામાં આવશે.

૫. હથિયાર જમા કરાવવા બાબતે રચાયેલ સ્ક્રિનિંગ કમિટિ દ્વારા મુકિત મળેલ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ ગુનો દાખલ કરવા માટે, તપાસ કરવાના, હુકમના પાલન કરવાના અને તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લામાં પોલીસ ખાતામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને અધિકૃત કરું છું.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૨૭૯ થી ૧૩૩૩.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. જે મુજબ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી રાજયના ચૂંટણી આયોગને ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સદર ચૂંટણીઓની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે રાજય ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે. સદરહું ચૂંટણીમાં ઉમેદવાર/રાજકીય પક્ષો/ઉમેદવારના કાર્યકરો દ્વારા વાહનોના ઉપયોગ સંબંધે નીચે મુજબ હુકમો કરવા જરૂરી જણાય છે.

જેથી હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ ચૂંટણી સંદર્ભે સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

૧. કોઈ પણ ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/ઉમેદવારના કાર્યકરો આગામી મહાનગરપાલિકા/નગરપાલિકા/તાલુકા-જિલ્લા પંચાયત સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ના સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય અને વાહન અધિકૃત કરાવ્યા સિવાય વાહનોનો ઉપયોગ કરી શકશે નહી.

૨. જે વાહનો અધિકૃત કરવામાં આવેલ હોય તેની પરવાનગીની અસલ પ્રત અધિકૃત કરેલ વાહન પર ફરજીયાત લગાડવાની રહેશે. પરવાનગીની ઝેરોક્ષ નકલ ચોંટાડવાની રહેશે નહી.

૩. વાહન અધિકૃત થયા અંગેની પરમીટ વાહન પર દૂરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ચોંટાડવાની રહેશે.

૪. આ પરમીટની અંદર વાહનના નંબર અને ઉમેદવારનું નામ ફરજીયાત દર્શાવવાનું રહેશે.

આ જાહેરનામું તાત્કાલકિ અસરથી અમલી બનીને ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા. ૨૬-૦૪-૨૦૨૬ ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનો ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરવાના, અને તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૩૩૪ થી ૧૩૮૮.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. જે મુજબ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી રાજયના ચૂંટણી આયોગને ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સદર ચૂંટણીઓની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે રાજય ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના ૧૦૦ મીટરની ત્રિજ્યાના આસપાસના વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધ ફરમાવું છું.

૧. ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રત્યેક ઉમેદવાર દીઠ વધુમાં વધુ ત્રણ વાહનો આવવા દેવાની અને ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ ૫(પાંચ) વ્યકિતઓ જ દાખલ થઈ શકશે.

૨. અપક્ષ ઉમેદવાર અને બિન માન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કેસમાં પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર ઉપરાંત બીજી ચાર વ્યકિતઓ એમ કુલ પાંચ વ્યકિતઓ જ દાખલ થઈ શકશે. પરંતુ કોઈ કારણસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થવું જરૂરી થાય તો પહેલા ચાર મતદારો બહાર નિકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશે એમ વારાફરતી મતદારો ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થઈ શકશે.

આ હુકમ તા. ૦૬-૦૪-૨૦૨૬ થી તા. ૧૧-૦૪-૨૦૨૬ ના ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત કે કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહી પાત્ર ઠરશે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા. ૨૦૨૩ની કલમ-૨૧૫ના આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનો ભંગ બદલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરવાના અને તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રી તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધિ કરાવવી.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩(૧) (આર) (૩) મુજબ જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૩૮૯ થી ૧૪૪૩.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. આ ચૂંટણીઓ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ થનાર છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ પર જ નહી પરંતુ વાહનો પર ગોઠવીને પણ

તેનો ઉપયોગ કરે છે. ખૂબ ઊંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકર કોઈ એક જ જગ્યાએ કે વાહનો સાથે ગોઠવીને ગામો, શેરીઓ, મહોલ્લાઓ, વસાહતો, લત્તાઓ, તમામ માર્ગો પર ફરે છે અને આને કારણે ખૂબ ધ્વનિ પ્રદુષણ થાય છે અને સામાન્ય જનતાની શાંતિને ખલેલ પહોંચે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકતો, માંદાઓને (દર્દીઓને) આ અવાજને કારણે ખૂબ તકલીફ પડે છે. જેથી ચૂંટણી પ્રચાર કે અન્ય હેતું માટે જાહેરમાં વગાડવામાં આવતા લાઉડ સ્પીકરથી જાહેર જનતાને પહોંચતા ત્રાસ, નુકશાનને અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું આવશ્યક જણાયેલ છે.

વાસ્તે, હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૩(૧)(એન) તથા કલમ-૩૩(૧)(આર)(૩) થી મને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતું માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા હુકમ ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવીને લાઉડ સ્પીકર સવારના ૦૬-૦૦ કલાક થી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ, સ્કૂલો કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાનું રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે તેમજ ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે ચૂંટણી આયોગની સૂચનાઓના ઉલ્લંઘન બદલની શિક્ષાને પાત્ર થશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલી બનીને ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ (૨૨)મો ૧૯૫૧ ની કલમ-33 (૧) (બી) મુજબ જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૪૪૪ થી ૧૪૯૮.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ થી ચૂંટણીઓ મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીની પ્રક્રિયા મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારતના ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ થાય છે અને તેનો ચુસ્તતા પૂર્વક અમલ કરાવવાનો થાય છે. આથી સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ રાજ્ય ચૂંટણી આયોગની સુચનાઓ મુજબ કોઈપણ સંજોગોમાં કાર અગર અન્ય વાહનોથી બનેલ-૧૦ (દસ) થી વધુ વાહનોના કાફલાની અવર-જવરને નિયંત્રિત કરવાનું યોગ્ય જણાય છે. અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં આ ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો ટ્રાફીક અડચણ ઉભી થાય તેમ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનોમાં, ગાડીઓમાં સવાર થઈને જવાના કારણે, નાના-વાહનો ઉપર તથા ચાલતા જનાર વ્યકિતઓ/જાહેર જનતાને અગવડ ઉભી થવા સંભવ છે. જેથી વાહનોના કાફલાની અવર-જવર ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ મો) ની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈ પણ ઉમેદવાર કે રાજકીય પક્ષના કાર્યકરો કે રાજકીય પક્ષના વ્યકિત કોન્વોયમાં એક સાથે દસ થી વધુ વાહનો ફેરવી શકશે નહી.

(૨) કેન્દ્ર કે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓને લઈ જવામાં આવતા હોઈ તેવા કોન્વોયમાં પણ એક સાથે દસથી વધુ વાહનો ફેરવી શકાશે નહી, કેન્દ્ર કે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓના દસ થી વધુ વાહનોના કોન્વોયમાં દસ વાહનોની મર્યાદામાં કોન્વોય બ્રેક કરવો (અલગ કરવો) અને આવા બ્રેક કરેલ દરેક કોન્વોય વચ્ચે ૧૦૦ મીટરનું અંતર જાળવવાનું રહેશે. છતાં પણ આવા કોઈપણ મહાનુભાવશ્રીના સંબંધમાં જારી કરાયેલ સુરક્ષા સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૩) ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં વધુમાં વધુ ૦૩ (ત્રણ) વાહનો લઈ ઉમેદવાર આવી શકશે. ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ચૂંટણી આયોગે નિયત કરેલ ઉમેદવાર સહિત કુલ-૫ (પાંચ) વ્યકિતઓ જ દાખલ થઈ શકશે, પાંચથી વધુ વ્યકિતઓ દાખલ થઈ શકશે નહી.

આ હુકમ (૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/પોલીસના વાહનો (૨) ચૂંટણી કામે જતાં સ્ટાફના વાહનો (૩) સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીને કામે સંપાદન કરવામાં આવેલ વાહનોને લાગુ પડશે નહી. (૪) કોઈ વ્યકિત સંબંધમાં તેઓને આપેલ સુરક્ષાના સંબંધે સલામતી કર્મચારીઓના વાહનોને જે તે સુચનાઓને આધીન લઈ જવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, કરાવનાર તેમજ તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ સદરહું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલી બનીને ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૭(ક)ની જોગવાઈઓના પાલન માટે જાહેરનામું

વંચાણમાં લીધુ :

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૬/વશી-૧૪૯૯ થી ૧૫૫૩.-સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. આ ચૂંટણી દરમિયાન પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭(ક)ની જોગવાઈઓ લાગુ પડે છે. આ કલમ-૧૨૭(ક)ની જોગવાઈ, મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહી, અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવ શકાશે નહી. તેમજ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી.

આગામી મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી હેઠળના સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં આ બાબતેની કાર્યરીતિનું સંબંધકર્તા તમામે પાલન કરીને અમલવારી કરવાનું જરૂરી બને છે. આથી હું **જી.એચ. સોલંકી (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર**, સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ મુદ્રકોને ઉકત આદેશની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા હુકમ ફરમાવું છું.

(૧) કલમ-૧૨૭(ક) (૧) ની જોગવાઈ મુજબ, ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટ પણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીયાં, અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉકત કલમ-૧૨૭(ક) (૨) ની જોગવાઈઓ મુજબ મુદ્રકે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નકકી થયેલા આ સાથેના જોડાણ-''ક'' મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ તેમાં સહી કરવી.

(૩) મુદ્રકે છાપેલા ચૂંટણીને લગતા ''ચોપાનીયા અથવા ભીંતપત્રો'' બાબતમાં નીચેની વિગતો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર સંયુકત રીતે નહીં પરંતુ અલગ અલગ રીતે કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, સુરેન્દ્રનગરની ફોજદારી શાખાને મોકલી આપવી.

(અ) જોડાણ-''ક'' મુજબ પ્રકાશક પાસેથી મળેલ અને અધિકૃત કરાયેલ એકરારપત્રની એક નકલ.

(બ) મુદ્રિત સામગ્રીની ત્રણ નકલો.

(ક) આ સાથેના જોડાણ ''ખ'' માં મુદ્રકે છાપેલ મુદ્રણને લગતી માહિતી ભરીને મુદ્રક તે સહી કરીને અધિકૃત કરી આપવી.

વધુમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે કે, ચૂંટણીને લગતુ ''ચોપાનીયુ અથવા ભીંતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકૂળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કાંઈ છાપેલુ ચોપાનીયા કે હેન્ડબીલ અથવા બીજુ, ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતું ભીંતપત્ર એવો અર્થ થાય છે.

તેમજ, કલમ-૧૨૭(ક) ની જોગવાઈ અને આયોગની ઉકત સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખૂબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજ્યના પ્રવર્તમાન કાયદા અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન પણ રદ કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે. વધુમાં આ અંગેનો ભંગ થયેથી કલમ-૧૨૭(ક) (૪) ની જોગવાઈ મુજબ છ માસ સુધીની કેદની અથવા રૂા. ૨૦૦૦/- સુધીના દંડની અથવા બંને શિક્ષાઓને પાત્ર ગુનો બનતો હોઈ આ જોગવાઈ મુજબ મુદ્રણાલયની સામે યોગ્ય જણાયે કાનુની પગલાં ભરવાની કાર્યવાહી કરવાને પાત્ર થશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલી બનીને ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

જોડાણ - 'ક'

ચૂંટણીના ભીતપત્રો, ચોપાનીયા વગેરેના પ્રકાશકે રજુ કરવાના એકરાર પત્ર માટેનો પ્રફોર્મા

(જુઓ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ:૧૯૫૧ ની કલમ-૧૨૭(ક).)

હું ..... નામ .....

તે શ્રી ..... નો/ની પુત્ર/પુત્રી/પત્નિ .....(ગ્રામ/નગર)

.....(જિલ્લો) ..... રાજ્યનો રહેવાસી આથી એકરાર કરૂ છું, કે .....

(મુદ્રણાલયનું નામ) દ્વારા છાપવામાં આવેલ .....(ચૂંટણીના ભીતપત્રો, ચોપાનીયા, વગેરેની ટુંકી વિગતો આપો) નો પ્રકાશક છું.

.....

(પ્રકાશકની સહી)

સ્થળ :

તારીખ :

પુરૂ સરનામું

.....

પ્રમાણિત કરનાર (પ્રકાશકને અંગત રીતે ઓળખતી વ્યક્તિ)

(૧) સહી/-

(નામ અને સરનામું)

(૨) સહી/-

(નામ અને સરનામું)

સામી સહી કરનાર

સહી/-

(મુદ્રકનું નામ અને સરનામું)

વંચાણમાં લીધુ :

(૧) ઉપસચિવશ્રી, ભારતના ચૂંટણીપંચના પત્ર નં. ૪૬૪/આઈએનએસટી/૨૦૦૯/ઈપીએસ, તા. ૦૧-૦૯-૨૦૦૯.

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૩) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નંબર : મજસ-૧/સ્થા.સ્વ.ચું/ડ્રાય ડે/૨૦૨૬/૧૫૫૪ થી ૧૬૦૭.-ઉપરોકત વંચાણ-(૧) માં દર્શાવેલ ભારતના ચૂંટણીપંચના પત્રની વિગતે તથા લોકપ્રતિનિધિત્વ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૫૩સીની જોગવાઈ મુજબ કોઈપણ ચૂંટણી માટે મતદાન વિસ્તારમાં મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત કલાક પૂરાં થતાં ૪૮ (અડતાળીસ) કલાકના સમયગાળા દરમિયાન હોટેલ, ભોજનાલય, વીશી, દુકાન અથવા કોઈપણ ખાનગી અથવા જાહેર જગ્યાએ માદક, આથોયુક્ત અથવા નશાકારક દારૂ અથવા તેના જેવા અન્ય પદાર્થોનું વેચાણ, આદાન-પ્રદાન અથવા વિતરણ નહીં કરવામાં સૂચના આપવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના વંચાણ-૨ વાળા પરિપત્રની વિગતે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬, નગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન તથા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમા તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે.

જે અન્વયે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી દરમિયાન મતદાન મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં થાય તે હેતુથી દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવા હેતુથી મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ તળે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ દિવસોને ''ડ્રાય ડે'' જાહેર કરવામાં આવે છે.

(૧) મતદાનનો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકના સમય એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૬-૦૦ વાગ્યાથી તા. ૨૬-૦૪-૨૦૨૬ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી.

(૨) મતગણતરીનો દિવસ એટલે કે, તા. ૨૮-૦૪-૨૦૨૬

ઉપર જણાવેલ તારીખોએ દારૂના વેચાણ માટેની સુરેન્દ્રનગર જિલ્લાની તમામ દુકાનો બંધ રાખવા હુકમ કરવામાં આવે છે.

જી. એચ. સોલંકી (I.A.S.)
જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.15 09:20:14 IST